સર્ગ ૪

# રહસ્યમય જ્ઞાન

રાજા અશ્વપતિની સાધનાએ એને એક એવા શિખર પર ઊભો કરી દીધો કે જ્યાંથી બીજાં વધારે મોટાં શિખરોનાં દર્શન થતાં હતાં સર્વોચ્ચ અનંત પાસે લઈ જનારી યાત્રામાં આ તો માત્ર આરંભની ઉષાઓ હતી. દેદીપ્યમાન દિવાકર દર્શન દેવામાં હજુ વિલંબ કરતો હતો. બૃહદ્ બ્રહ્મની ને સુદૂરની સનાતન જ્યોતિની ખોજ કરતા માનવ આત્માનું આ તો માત્ર પ્રાસ્તાવિક આરોહણ હતું.

આપણે મૃત્યુબદ્ધ ક્ષુદ્રતામાત્ર નથી. આપણાં ઊર્ધ્વનાં સ્વરૂપોમાં અમર એવી વિસ્મૃત વિશાળતાઓ આપણી અન્વેષણાની વાટ જોઈ રહી છે. આપણી પ્રકૃતિની ઉત્તુંગતાઓ સ્વર્ગોની પાડાપાડોશણો છે. આત્માના અપાર વિસ્તારો અને અગાધ ઊંડાણો આપણાં છે. એમની સાથે આપણો અંતરંગ સંબંધ છે. આપણે અંતર્લીન થઈ પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણી પ્રાર્થનાનો આછોપાછો મંદ અવાજ લુપ્ત થયેલાં એ જ્યોતિર્મય આનંત્યોને બોલાવે છે. કોઈ કોઈ વાર આપણા પાર્થિવ અજ્ઞાનનો આડો પડદો ખસી જાય છે ત્યારે થોડાક વખત પૂરતા આપણે એ દિવ્યતાઓમાં ચમત્કારી રીતે મુક્ત થઈ પ્રવેશીએ છીએ.

આત્માના ઉન્મીલનની પ્રક્રિયામાં કોઈ કોઈ વાર અલૌકિક ધામોની રહસ્યમયતા આવિર્ભાવ પામવા માટે કોઈ એક માનુષી આધારને પસંદ કરે છે, દિવ્ય જીવનનો ઉચ્છ્વાસ લઈ કોઈ એક સાન્નિધ્ય પ્રકટ થાય છે, કોઈ એક માર્ગદર્શક જ્યોતિ જાગી ઊઠે છે. કોઈ વાર એ આરસની પ્રતિમા જેવા બનેલા શરીરમાં શાંતિની સ્થિરતાનાં દર્શન કરાવે છે, કોઈ વાર એ એક આવિર્ભાવક ભભૂકતી શક્તિસ્વરૂપે પ્રકટ થાય છે ને સારી પ્રકૃતિને પ્રકંપમાન બનાવી દે છે. તો કોઈ વાર આપણો પોતાનો જ પરમોચ્ચ પુરુષભાવ પ્રાદુર્ભાવ પામે છે, ને આપણે આપણા આત્માના અધિદેવતાને આરાધવા માંડીએ છીએ. આપણો અહંભાવ ઓસરીને આછો થઈ જાય છે અને આપણે પ્રકૃતિ ને પ્રભુ સાથે એકરૂપ બની જઈએ છીએ.

સાધનાની સરણીએ આગળ જતાં શાશ્વતતાનાં શિવ લક્ષણો આપણા લક્ષમાં આવતાં જાય છે, મનની પહોંચ પારનું સત્ય આપણા પ્રત્યક્ષ અનુભવમાં આવે છે, આ કાને કદીય ન સાંભળ્યું હોય એવું સંભળાય છે, ઇન્દ્રિયોએ કદીય ન સંવેદ્યું હોય એવું સંવેદાય છે, સામાન્ય હૃદયો જેનાથી ડરી જાય છે ને જેનો બહિષ્કાર કરવા પ્રેરાય છે એવું કંઈક આપણા પ્રેમનું પ્રેમપાત્ર બને છે. આ અવસ્થામાં મન પ્રશાંતિમાં

પ્રલીન થઈ જાય છે અને એ મહાશાંતિમાં અંતરાત્માનાં ઊંડાણોમાંથી આવતો અવાજ આપણને સંબોધે છે. એક ભાગવત સાન્નિધ્ય આપણા ચૈત્યાત્માનું સંચાલન કરે છે. જેને આપણે જોઈ શકતા નથી એવું કોઈ એક અજાણ્યું આપણામાં કાર્ય કરવા માંડે છે અને ભાવિ ભાગવત આવિર્ભાવ થવાનો જ છે એવી પ્રતીતિપૂર્વક એ શતકોની પરવા રાખ્યા વગર ધન્ય પળની પ્રતીક્ષામાં રહે છે.

આ જે છે તે છે આપણું આદિ મૂળ, આપણી ગુરુચાવી, આપણા મસ્તક ઉપર વિરાજતું મૌન, અંતરાત્માનો અવાજ, હૃદયમાં રમમાણ પ્રાણવંતી પ્રતિમા, આપણા પ્રયત્નો જેને માટે થાય છે તે પરમ સત્યતા, આપણા અસ્તિત્વનો પરમોદાર અર્થ અને ઉદ્દેશ. પ્રભુના મધપૂડાઓમાં ભરેલા મધનો એ મહાનિધિ છે, કાળી કફનીમાં રહેલી ભભૂકતી મહાદીપ્તિ છે, એ છે પ્રભુના પાવકનો મહિમા, વિશ્વના આનંદનો ઉત્સ, મૃત્યુની કાનટોપી પહેરતી અમરતા, આપણી અણજન્મેલી દિવ્યતાની આકૃતિ. ક્ષણભંગુર વસ્તુઓનું સનાતન બીજ જ્યાં સૂતેલું છે ત્યાં ઊંડાણોમાં રહી આપણા ભાસ્વંત ભાવિની એ રખેવાળી કરે છે. એ અવર્ણનીય ગુપ્ત વસ્તુઓને પ્રત્યક્ષ જુએ છે, અજ્ઞાન જગતના લક્ષ્યનું ને યાત્રાએ નીકળેલાં વર્ષોના હાર્દનું એને જ્ઞાન હોય છે.

પરંતુ આ બધું અત્યારે તો પડદા પૂઠે રહેલું છે. એને જોવા ને જાણવા માટે અંતઃસ્ફુરણાની, અંતર્મુખ'ની ને આત્મદૃષ્ટિની આવશ્યકતા છે. બાહ્ય ચેતનાની બાહ્ય દૃષ્ટિને એ બધું લક્ષ્યહીન યદૃચ્છા ને અવશ્યંભાવિતા જેવું જ જણાય છે. એને મન પૃથ્વી એક જડ યંત્ર છે, જેમાં મૃત્યુની જાળમાં ઝલાયેલા આપણે જેમતેમ જીવતા હોઈએ છીએ. અજ્ઞાતમાંથી જ્ઞાત પ્રત્યે આપણી ગતિ ચાલે છે. અંધકારમાંથી એક અભીપ્સા ઊઠે છે અને તે વિલુપ્ત થયેલી અમર જ્યોતિ પ્રત્યે આરોહે છે. પૃથ્વીદેવી કાળના રણમાં પરસેવો ઉતારે છે, પણ કાળમાં અમરાત્માનો કોયડો ઉકેલી શકતી નથી. એના નિર્નિદ્ર હૃદયમાં એ બેચેન બનાવી દેતી પ્રેરણાને પોષતી રહે છે. પોતાના આત્માના યુદ્ધમાં અને યાતનામાં એ પોતાની વિકૃત પ્રકૃતિની પૂર્ણતા શોધતી હોય છે. પોતાના પથ્થરમાં ને પંકમાં પ્રભુનો ઉચ્છ્વાસ આવે એવું એ ઇચ્છતી હોય છે. પરમ પ્રેમને ને સત્ય જ્યોતિને એ પોતાની માટીમાં મૂર્તિમંત બનાવવા માગે છે. ભ્રમમુક્ત મન, અંતરાત્માને પ્રકટ કરતો સંકલ્પ, ઠોકરાય નહિ એવું બળ ને દુઃખની છાયા વિનાનો આનંદ પોતાનો જન્મસિદ્ધ હક છે એવું એને ભાન હોય છે ને એ સૌને એ પોતાનાં બનાવવાની અભીપ્સા સેવે છે.

પૃથ્વીની પાંખાળી કપોલકલ્પનાઓ સ્વર્ગમાં સત્યના અશ્વો બનેલી હોય છે. આ લોકમાં જે અશક્ય જેવું જણાય છે તે ભવિષ્યમાં સિદ્ધ થવાવાળી વસ્તુઓનું પ્રભુનું ઇંગિત છે. અહીં જે કંઈ બને છે તે એક અગમ્ય યોજનાના અંગરૂપ છે, પણ એકમાત્ર પ્રભુ જ તે સર્વને પોતાના હૃદયમાં જાણતો હોય છે.

અજ્ઞાનના નિયમો દ્વારા જ્ઞાત વસ્તુ સર્જાય છે. આપણી દૃષ્ટિ બહારના દૃશ્ય

ઉપર રમતી હોય છે. આપણું મન આપણા ચૈત્યાત્માને બંદી બનાવી રાખે છે. આપણે આપણાં કર્મોના ગુલામ છીએ. પ્રજ્ઞાનના પ્રભાકરે પહોંચવા માટે આવશ્યક મુક્તિથી આપણી દૃષ્ટિ વંચિત બનેલી છે. માણસ એટલે મર્યાદાઓમાં મુકાયેલો જીવ. પોતાનું અજ્ઞાનવશ જીવન શા માટે છે તેનું એને જ્ઞાન નથી. પોતાના ભવ્ય ભાવિનું એને ભાન નથી. અમર શૃંગોના અધિવાસી અમરો માત્ર દિક્-કાળ પારથી જુએ છે ને કાળના માર્ગ પરની ગતિને મરોડી શકે છે.

વિશ્વના સ્રષ્ટાઓ વિશ્વ પાર ઊર્ધ્વમાં ઊભા છે. દૃશ્યમાન પ્રપંચમાં તેઓ એનું ઊંડે આવેલું ગૂઢ મૂળ જુએ છે. બહારની ઠગારી રમતને તેઓ ગણતરીમાં લેતા નથી, ક્ષણનાં ચલાયમાન પગલાં તરફ તેઓ ફરતા નથી, પરંતુ માનવ ભૂમિકામાં ન સુણાતાં નિર્માણનાં ધીરાં પગલાં તરફ તેમના કાન મંડાય છે. અહીં મચી રહેલાં ધમસાણોની વચ્ચે પૃથ્વી જેને માટે પોકાર પાઠવી રહી છે તે પરમાનંદની તેઓ તપાસ રાખે છે.

ક્રમગતિએ છદ્મવેશી પરમાત્મા પોતાના સિંહાસને આરૂઢ થશે. વધતા જતા અંધકારમાં થઈ ચોરની માફક એ છાનો માનો પોતાના ધામમાં પ્રવેશે છે. સ્પષ્ટ ન સંભળાતો અવાજ આવશે અને આત્મા એને આધીન થઈ જશે. સૌન્દર્ય અને માધુર્ય જીવનનાં બંધ બારણાં ઉઘાડશે, સત્યજ્યોતિ સૃષ્ટિ ઉપર ઓચિંતો છાપો મારશે, પ્રભુની તસ્કરતા હૃદયને મહાસુખ માણવાને મજબૂર કરશે, પૃથ્વી ઓચિંતાંની પ્રભુમય બની જશે. જડતત્ત્વમાં આત્માનો પ્રકાશ પેટાવાશે, પિંડમાં પરમપાવન જન્મ થશે, રાત્રિ તારાઓનાં સ્તોત્રગાન સાંભળશે, દિવસો સુખપૂર્વક યાત્રા કરશે, આપણો સંકલ્પ સનાતનની શક્તિનો સંકલ્પ બની જશે, અને વિચાર અધ્યાત્મ સૂર્યની વિભાનો વૈભવ ધારશે. અત્યાર સુધી જે કોઈની સમજમાં આવ્યું નથી તેને કેટલાક પ્રત્યક્ષ કરશે, ડાહ્યાઓ વાતો કરતા ને ઊંઘતા રહેશે તે દરમ્યાન વિભુ વર્ધમાન બનશે; કેમ કે આગામીની છેલ્લી ઘડી સુધી માણસ એને પિછાનશે નહિ અને કાર્ય પૂરું નહિ થાય ત્યાં સુધી કોઈ માનશે નહિ.

અહીંયાં પોતાનું જેને જ્ઞાન નથી એવી એક ચેતના અંધકાર અને જ્યોતિની વચ્ચેના અંતરાલમાં અટવાયા કરે છે ભૂત કે ભવિષ્ય વગરનું એક વર્તમાન શૂન્યાકારમાં ઘૂમ્યા કરે છે, સૃષ્ટિ અર્થરહિત બની જાય છે, એક નિરર્થક ચમત્કારની દીપ્તિ જેવી એ દેખાય છે જીવન અને મૃત્યુમાં થઈ કાળની કિનારીએ એ ધાવમાન રહે છે. અત્યારે જે વસ્તુઓ વિયુક્ત થઈ ગઈ છે તે ફરીથી સંયોજાઈ જવી જોઈએ; વસ્તુઓ વચ્ચેનો ગૂઢ સંબંધ તાજો થવો જોઈએ; આત્માએ અને પ્રકૃતિએ એક બની જવું જોઈએ.

પ્રભુના વિચારોમાં આત્માની મુક્તિસંપન્ન શક્તિઓ પ્રજ્વલિત રહેલી છે; પ્રભુના અપરિહાર્ય આનંદમાં તેમનો આવાસ છે. બળવાખોરોના પોકારો, અજ્ઞાન

પ્રાર્થનાઓ, સાટાં કે લાંચરિશ્વત એમને અડતાં નથી. તેઓ પરમ સત્યની પાલિકાઓ છે. અપરિવર્ત્ય આદેશ અનુસાર એ પ્રવર્તમાન રહે છે. અજ્ઞાન જગતના કાર્યને તેઓ સાક્ષી ભાવે તટસ્થતાથી જુએ છે, પણ તેમ છતાંય તેમના વિના વિશ્વ સંભવતું નથી. વિશ્વના પારાવાર કાર્યને પોતે નિશ્ચલ રહીને તેઓ ટકાવી રાખે છે. નાશ પામતા શુભમાં ને આચરાતા અશુભમાં તેમનો હિસ્સો હોતો નથી. અમરાત્મા આપણી દૃષ્ટિથી જોતો નથી. એને કશાયની ઉતાવળ નથી. દૈવની દુર્વ્યવસ્થા, મરણની કડવાશ, અને અવપાતો હોવા છતાં એક હસ્ત આપણાં જીવનો ઉપર આવેલો અનુભવાય છે. આપણે માટે એ ચૈતન્યમયી અમરતા ને પ્રતિજ્ઞાત દેવત્વ સુરક્ષિત સાચવી રાખે છે. બધાં જ વિપરીતોમાં થઈને એની દૈવતવંતી દોરવણી આપણને આપણે લક્ષ્યે લઈ જાય છે.

પ્રભુનો પરમાનંદ અને એકાત્મકતા આપણો સ્વાભાવિક અધિકાર છે. પરમોચ્ચ દિવ્ય જન્મ આપણે માટે આવવાનો છે. અત્યારે જે આઘેનું જણાય છે તે નિકટનું બની જવાનું છે. અજ્ઞાનના મહાગર્ત પર સેતુબંધ કરવા માટે દયામય દૈવતો અવતારના આદેશની રાહ જોઈ રહ્યાં છે. વિશ્વમાં વૈતરું કરી રહેલી સચેત શક્તિ અણજન્મ્યા દેવોની માટીની મૂર્ત્તિઓને પરમ ચૈતન્યથી પરિપૂર્ણ ભરી દેશે. પરમાત્મદેવનો વિજય વિશ્વમાં ઊતરી આવશે અને મનુષ્યનો આત્મા ઊર્ધ્વોર્ધ્વમાં આરોહશે.

અહીં બધું જ એકાકી જાત જેવું જણાય છે, છતાંય તે **एक** એવા પરમાત્માનું જ સ્વરૂપ છે. અચિત્‌ની નિદ્રામાં ગુપ્ત સત્‌-સ્વરૂપે રહેલો એ પંચ **તત્ત્વના અસ્તિત્વ** પહેલાંનો અહીં હતો. સર્વનું એ ઉપાદાન છે, સર્વનો એ આત્મા છે. વિશ્વની મહામાતાની લીલાનો એ સાથી છે. જગતનો એ બનાવનાર છે ને એનું બનાવેલું જગત પણ એ જ છે. એ દૃશ્ય તેમ જ દ્રષ્ટા છે, નાટક અને નટ છે, જ્ઞાતા અને જ્ઞાત છે, સ્વપ્નસેવી તેમ જ સ્વપ્ન પણ એ જ છે.

એક એવાં બે એ અનેક ભુવનોમાં લીલા કરી રહ્યાં છે. એમના નાટકનાં આપણે પાત્રો છીએ. આત્મા રૂપે એની અને પ્રકૃતિ રૂપે એની શક્તિની મહાલીલા તે આ સચરાચર સંસાર. પ્રકૃતિએ પોતાનો મૂળ મહિમા અને આનંદ છુપાવી રાખ્યાં છે, પોતાના પ્રેમને અને જ્ઞાનને કપટવેશ પહેરાવ્યો છે. આત્મા પણ પોતે અનંત સ્વરૂપ હોવા છતાં અહીં અંતવંત અલ્પ બની ગયો છે. પોતાની સર્વસમર્થતા, શાંતિ અને શાશ્વતીને એણે જતી કરી છે, અને પોતે પોતાને ભૂલીને પ્રકૃતિ સાથે તદાકાર બની ગયો છે. વિશ્વનું સંચાલનકાર્ય એણે પ્રકૃતિના હાથમાં સોંપી દીધું છે ને પોતે માત્ર સાક્ષી સ્વરૂપે સર્વ જોયા કરે છે. એણે પ્રકૃતિની સેવા સ્વીકારી છે, એની આરાધના આરંભી છે. એક અલૌકિક મહાયજ્ઞમાં એણે પોતાનું સર્વ કાંઈ સમર્પી દીધું છે. આ આખું અપરંપાર જગત એટલે **सः** અને **सा**.

અગણિત તારામંડળને બાંધી રાખનારી ગ્રંથિ તે આ બે. એક એવાં એ બે

શક્તિ સમસ્તનું રહસ્ય છે, વસ્તુમાત્રનું મહાબલ છે, સર્વનું યાથાતથ્ય છે. શક્તિના ચરણતળે એ સુખભર્યો નિશ્ચેષ્ટ ઢળેલો છે, વૈશ્વિક નૃત્ય માટે એણે પોતાનું વક્ષ:સ્થળ સમર્પ્યું છે. શિવ અને શક્તિ, પુરુષ અને પ્રકૃતિ, જીવ અને સ્વભાવ પરસ્પર સમર્પાયેલાં છે, પરસ્પરનાં પોષક અને તોષક બનીને રહેલાં છે. એકના વગર બીજાનું અસ્તિત્વ નથી. અનાદિ કાળથી ઉભય ઓતપ્રોત બે છતાં એક અને એક છતાં બે વિશ્વલીલાનો આનંદ વિલસાવી રહ્યાં છે. અખિલ બ્રહ્માંડનો નાથ આપણામાં તેમ જ સારાયે સંસારમાં ગુપ્ત રહીને પોતાની શક્તિની સાથે જાણે કે સંતાકૂકડીની રમત રમી રહ્યો છે.

પરમાત્મા પુરુષોત્તમે પોતાના ગહન મૌનમાં પોઢેલી પોતાની યોગશક્તિને પ્રકટ કરી છે અને પોતે અવકાશમાં પ્રવેશ્યો છે. અસંખ્યાત સ્વરૂપોમાં એણે પોતાના એકસ્વરૂપને ઢાળ્યું છે. માણસ દેવ બને તે માટે એ માણસ બન્યો છે. મર્ત્યને એ અમર બનાવવા માગે છે. ક્ષણને એણે શાશ્વતીનો સ્પર્શ સમર્પ્યો છે. આપણે એનો સ્વભાવ ધારીએ તે માટે એણે આપણો સ્વભાવ ધાર્યો છે. આપણે પરમાત્માના પુત્રો છીએ અને તેથી આપણે પરમાત્મા જેવા બનવાનું છે. એના અંશ હોઈ આપણે એના જેવા દિવ્ય બનવાનું છે. આપણું અત્યારનું જીવન વિરોધાભાસ જેવું છે, પણ એના ઉકેલની ચાવી છે પ્રભુ પોતે.

પરંતુ આ અવસ્થામાં અવાય ત્યાં સુધી બધું જ એક સ્વપ્નની છાયા જેવું છે. ચાવી સંતાડી રખાયેલી છે અને એ છે અચિત્‌ની પાસે. આચ્છાદન રૂપ બનેલા આકારોમાં આત્મા અગમ્ય ભાવે ગુપ્ત રહેલો છે. ભુલાઇ ગયેલા મૂલ ધામે એ યાત્રી બનીને જાય છે. એક સમયે જે એનું પોતાનું જ હતું તે સત્યને એ ભૂલો કરી કરીને શોધે છે. લીલાધર અને લીલા, એક અને અનેકરૂપ એ એકાત્મક સ્વરૂપની પુન:-પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અહીંની સહસ્રગુણ સમસ્યાને સમજવા માટે સપ્રયાસ રહે છે.

આત્માનો પોતાની લીલાની સહચરી સાથેનો એક પ્રેમનો કરાર છે. આત્મા અને જડદ્રવ્ય ભિન્ન લાગતાં હોવા છતાં ઉભયનું એક એવું નિત્યનું લક્ષ્ય છે. પ્રકૃતિમાં પ્રલીન આત્મા અંતરના સાગર પર સાહસ માટે નીકળેલો ખલાસી છે. કયાં જવાનું છે તે એ જાણતો નથી, જીવનનો પ્રવાહ પલટાતો રહે છે, તેમ છતાંય ચુપચાપ કામ કરતું પ્રારબ્ધ એને માટે માર્ગ ઉઘાડા કરતું જાય છે. સાન્તની અસીમ-તાનો અંત આવતો નથી, ચૈત્યનો અનુભવ અવિરામ આગળ ચાલ્યા કરે છે. પરંતુ એક અપ્રાપ્ત પૂર્ણતા અદૃષ્ટની સીમા ઉપરથી એને આમંત્રણ આપે છે. એક લાંબો આરંભ થયો હોય છે.

કાળના સ્રોત ઉપર સવાર થયેલો આ નાવિક આરંભમાં નાની નાની ખાડીઓમાં પોતાની કળા શીખે છે, પરંતુ આખરે એ અગાધ અનંતતાઓમાં નિજ નાવને હંકારે છે. કાંઠાના કસબનો કસબી બન્યા પછી એ અણદીઠની સામે હામ ભીડે છે. વિધિવિધ પ્રકારનાં વહાણવટાં કરતો કરતો એ અકલ્પિત ખંડોને ખોળવા નીકળી

પડે છે, ધન્યાત્માઓના દ્વીપોનાં દર્શન કરી, છેલ્લી જમીન છોડી, મહામહેરામણોને ઓળંગીને એ શાશ્વતિક વસ્તુઓ તરફ વળે છે, મર્ત્ય વિચારની સીમા વટાવી જાય છે, ને મર્ત્યની આંખો અમૃતને જોતી આંખો સાથે મેળાપ સાધે છે.

આરંભે એ અસમાપિત જગતનો જીવ હોય છે. એનો અંધકાર જ્યોતિની ઝંખના કરે છે. એનું મર્ત્ય જીવન અમૃતત્વની ખોજ કરતું હોય છે. અચિત્‌ના અગાધનો ખલાસી એ જડતત્ત્વના તૂતક ઉપર ઊભો રહી, વિચારની તારકિત સંતતિમાં થઈને અધ્યાત્મ સૂર્ય પ્રત્યે જાય છે. અત્યારના નકશાઓમાં એના લક્ષ્યનું સ્થાન મળતું નથી. વચગાળામાં વિસ્તરેલાં વ્યોમોમાં થઈને એને પારપાર પહોંચવાનું છે.

શા ઉદ્દેશથી એણે સફર શરૂ કરી છે તેની એને ખબર હોતી નથી. મહામાતાએ એને ક્યું કામ સોંપ્યું છે તે પણ એ જાણતો નથી. એ તો માત્ર માનો છૂપો આદેશ પોતાના હૃદયમાં લઈને જતો હોય છે. આગળ ઉપર જ્યારે એ રહસ્યમય લિપિ ઉકેલતો થાય છે ત્યારે જ એને એનું જ્ઞાન થાય છે. આણદીઠના કયા વાટ જોતા બંદરે એને ઊતરવાનું છે તે એ ત્યાર પછી જ જાણે છે. પ્રભુના કઈ મહાપુરીમાં જઈ નવું મન અને નવું શરીર એને મેળવવાનું છે, અમર આત્માને મંગલ મંદિરમાં પધરાવવાનો છે, સાન્તને અનન્તનો સંયોગ સાધવાનો છે ને ઉભયને એકાકાર બનાવી દેવાના છે, તેનો પ્રકાશ તો એને પાછળથી પ્રાપ્ત થાય છે. સંસારની માતાના સાગર-સમીરો એની ભ્રાંત નૌકાને પ્રેરતા હોય છે. જીવન, મૃત્યુ, અને પાછું જીવન, એમ જાગતાં કે ઊંઘતાં એ મુસાફરી કરી રહ્યો હોય છે. વિશ્વશક્તિનું ગૂઢ કાર્ય એની ઉપર ચાલી રહેલું હોય છે, ને એ કારણે એ મહાસમર્થ યાત્રિક કયાંય ઠરીને રહી શકતો નથી. માનવ જીવ ઉપરનો અજ્ઞાનનો કાળો પડદો ઉપાડી લેવાય નહિ, પ્રભુનાં પ્રભાતો રાત્રિને પકડી પાડે નહિ ત્યાં સુધી આ યાત્રા ચાલુ જ રહે છે. જ્યાં સુધી પ્રકૃતિ છે ત્યાં સુધી એ પુરુષ પણ છે, કેમ કે એ બન્ને સ્વરૂપે એક જ છે. ઊંઘમાં પણ એ એને હૈયે હોય છે. એને છોડી દેનારો એના વગર અજ્ઞેયના આરામમાં જઈ શકતો નથી.

એક સત્ય સમજી લેવાનું છે, એક કાર્ય કરવાનું છે. પ્રકૃતિની લીલા સત્ય છે; એના દ્વારા એક રહસ્યમયતા સંસિદ્ધ થાય છે. વિશ્વમાતાની તરંગી લાગતી લીલામાં યોજના છે. એની નિરુદ્દેશ લાગતી રમતમાં ઉદ્દેશ રહેલો છે. અપૌરુષેય શૂન્યમાં એક પુરુષને એ પ્રબુદ્ધ કરવા માગે છે, એક લયલીન શક્તિને એની અજગર-નિદ્રામાંથી જગાડી, કાળમાં રહેલીને એને અકાળની આંખો જોતી બનાવવા માગે છે. પૃથ્વી આવરણરહિત પ્રભુને પ્રકટ કરવા માગે છે. બરાબર આ માટે જ આત્માએ પોતાની પ્રકાશમાન અનંતતાને પછવાડે મૂકી છે અને પરમાત્મા પર માંસમાટીનો ભાર લાદ્યો છે. મનોરહિત અવકાશના ક્ષેત્રમાં પ્રભુનું બીજ રોપવાનું ને એને પુષ્પિત કરી અમૃતફળ આપતું બનાવવાનું છે.